# નવરંગપુરાની શ્રેય હોસ્પિટલમાં આગથી આઠ કોવિડ દર્દીનાં મોત

## હોસ્પિટલમાં ચોથામાળે આગ લાગવાનો બનાવ બન્યો હતો, ઘાયલ થયેલા તથા અન્ય દર્દીને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

અમદાવાદ, તા. ૬

નવરંગપુરા વિસ્તારમાં આવેલી શ્રેય હોસ્પિટલમાં આગ લાગવાની ઘટના બની છે. આ આગના કારણે ૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ હોસ્પિટલને કોવિડ-૧૯ હોસ્પિટલ જાહેર કરવામાં આવી હતી. શ્રેય હોસ્પિટલમાં ચોથામાળે આગ લાગવાનો બનાવ બન્યો હતો. ભારે હોસ્પિટલના ચોથા માળે બની હતી. માનવામાં આવે છે કે વેન્ટિલેટરની ઈલેક્ટ્રિક સિસ્ટમમાં શોર્ટ સર્કિટ બાદ આગ લાગી હતી. હોસ્પિટલમાં ફરજ બજાવતા એક સ્ટાફ જ્યારે દર્દીનું રુટિન ચેકઅપ અમુક કલાકોનો સમય લાગ્યો હતો. આગના કારણે રૂમની અંદર થયેલા ધૂમાડાના કારણે દર્દીઓનું ગૂંગળાઈ જવાથી મૃત્યું થયું હોવાનું માનવામાં આવે છે. ફાયર વિભાગની ટીમમાંથી કેટલાક ગયા છે કે તેમની ઓળખ કરવી મુશ્કેલ બની રહી છે. આગની ઘટના કઈ રીતે લાગી આ માટે કોણ જવાબદાર છે તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ઘટનામાં મૃત્યુ પામેલા ૮માંથી ૫ દર્દીઓના નામ સામે આવ્યા છે જે આ પ્રમાણે છે- આયેશબેન, મનુભાઈ રામી, જ્યોતિબેન સિંધી, અરવિંદ ભાવસાર






જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. ઘાયલ થયેલા તથા અન્ય દર્દીઓને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રાત્રે સાડા ત્રણ વાગ્યે આ આગની ઘટના બની હતી, જે બાદ દર્દીઓ કે સ્ટાફ કશું સમજી શકે તે પહેલા આગે વિકરાળ સ્વરુપ ધારણ કરી લીધું હતું. આ ઘટના બાદ તાત્કાલિક ૩પથી ૪૦ જેટલા દર્દીઓને સુરક્ષિત રીતે બહાર કાઢીને એલવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગમાં મૃત્યુ પામેલા દર્દીઓમાં ૫ પુરુષો અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે. આ ઘટનાની વધુ તપાસ કરવામાં આવી રહી છે. આગની ઘટના લગભગ ૩.૦૫ વાગ્યે માટે ગયા હતા ત્યારે તેમની પીપીઈ કિટ પણ આગની ચપેટમાં આવી ગઈ હતી અને તેઓ આઈસીયુમાંથી બહાર દોડીને પોતાનો જીવ બચાવવામાં સફળ થયા હતા.

પોલીસે આ સ્ટાફનું સ્ટેટમેન્ટ લીધું છે. આ ઘટના બાદ ફાયર વિભાગની ટીમ ૩.૧૯ વાગ્યે ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી, ટીમને આગ પર કાબૂ મેળવવા માટે લોકોએ જણાવ્યું કે તેમના જીવનમાં તેમણે આટલી ભયંકર આગ પહેલા નથી જોઈ. હોસ્પિટલમાં લાગેલી આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે. બનાવની જાણ થતાં ડેપ્યુટી કમિશનર સહિત અન્ય અધિકારીઓ તાબડતોબ ઘટના સ્થળ પર દોડી ગયા હતા. મળતી વિગતો મુજબ આ ઘટનામાં બે દર્દીઓ એટલા ગંભીર રીતે દાઝી અને નરેન્દ્ર શાહ. હોસ્પિટલમાં મોડી રાત્રે લાગેલી આગમાં કોઈ કશું સમજી શકે તે પહેલા જ સ્થિતિ બેકાબૂ બની ગઈ હતી.

આવામાં ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટના સ્થળ પર પહોંચે તે પહેલા ૮ દર્દીઓએ જીવ ગુમાવી દીધો. આવામાં આ ઘટના માટે કોણ જવાબદાર તે મુદ્દે પણ સવાલ થઈ રહ્યા છે. હોસ્પિટલને કોવિડ-૧૯ હોસ્પિટલ જાહેર કરવામાં આવી હતી છતાં ત્યાં પુરતા પ્રમાણમાં ફાયર સેફ્ટીના સાધનોની વ્યવસ્થા નહોતી કરાઈ? તેવા સવાલો ઉઠી રહ્યા છે. ઘટનાનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી.

### વડાપ્રધાન મોદીએ દુઃખ વ્યક્ત કર્યુ : મૃતકોના પરિજનોને ૨-૨ લાખની સહાય

અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં મોડી રાત્રે લાગેલી આગમાં કોરોનાના ૮ દર્દીઓના મોત નિપજ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું છે. પીએમ મોદીએ અમદાવાદની શ્રેય હોસ્પિટલની આગમાં મૃત્યુ પામેલા દર્દીઓના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. તો સાથે જ આગમાં ઘાયલ થયેલા દર્દીઓને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની પણ જાહેરાત કરી છે.

### આગથી નહી, ઓક્સિજનની અછતથી દર્દીઓના મોત થયા પરિવારજનોનો આરોપ

કેટલાક લોકોએ તો એવું પણ જણાવ્યું હતું કે, હોસ્પિટલ સાચી માહિતી છુપાવી રહી છે, આ ઘટનામાં આગથી નહીં, પણ ઓક્સિજનની અછતથી મોત થયું હોય તેવું લાગે છે. આ સિવાય અમુક લોકોએ તો હોસ્પિટલ પર આરોપ મૂક્યો હતો કે, આ હૉસ્પિટલની મોટી બેદરકારી જ છે. તેમના સ્ટાફને કંઇ નથી થયું અને દર્દીઓ મરી ગયા એવું કઈ રીતે બન્યું?

### આધુનિક હોસ્પિટલમાં એક્સપાયરી ડેટના ફાયર સેફ્ટીના સાધનો

શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલી કોવિડ-૧૯ ડેઝિગ્નેટેડ શ્રેય હોસ્પિટલમાં ગત મધરાતે ૩ વાગ્યાની આસપાસ અચાનક આગ ભભૂકી હતી. આ આગમાં કોરોનાના દર્દી એવા ૫ પુરુષ અને ૩ મહિલા સહિત ૮ દર્દીના મોત થયા છે. ત્યારે આ દુર્ઘટના પાછળ ફાયર વિભાગ તેમજ હોસ્પિટલની મોટી બેદરકારી સામે આવી રહી છે. શ્રેય હોસ્પિટલમાં માત્ર એક જ દરવાજો છે. ઉપરાંત ફાયર સેફ્ટીના સાધનોની તપાસ કરતા તે પણ એક્સપાયરી ડેટના નીકળ્યા છે. ત્યારે હોસ્પિટલે પણ મધરાતે લાગેલી આગમાં મોતને ભેટનાર દર્દીઓના પરિવારજનોને જાણ ન હતી કરી. પરિવારજનનો મીડિયા દ્વારા દુર્ઘટનાની જાણ થઈ હતી. હાલમાં હોસ્પિટલમાંથી ૫ લોકોના મૃતદેહ પીએમ માટે લઈ જવામાં આવ્યા છે. હાલમાં શ્રેય હોસ્પિટલને સીલ કરાઈ છે અને તેની સામે FIR દાખલ કરવામાં આવી છે.

### મુખ્યમંત્રીએ મૃતકોને ૪-૪ લાખની સહાય જાહેર કરી ઇજાગ્રસ્તોને ૫૦ હજાર

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદના નવરંગપુરાની શ્રેય હોસ્પિટલની આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા વ્યક્તિઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમજ પ્રત્યેક મૃતકના વારસદારને મુખ્ય મંત્રી રાહત નીધિમાંથી ૪ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. સાથે જ આ ઘટનામાં ઈજા પામેલા ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે તેવો નિર્ણય કર્યો છે.

### આ ઘટનામાં સંડોવાયેલા કોઇને પણ બક્ષવામાં નહિ આવે: નીતિન પટેલ

શ્રેય હોસ્પિટલની મોટી દુર્ઘટનામાં રાજ્યના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. નીતિન પટેલે જણાવ્યું હતું કે અમદાવાદમાં બનેલી આ ઘટનાનું ખુબ જ દુખ છે. પરંતુ આ ઘટનામાં સંડોવાયેલા કોઈને પણ છોડવામાં આવશે નહીં. તેના માટે મુખ્યમંત્રીએ ઘટનાની તાપસ માટે કમિટી બનાવી છે. કમિટીને ૩ દિવસમાં રિપોર્ટ આપવા આદેશ કરવામાં આવ્યો છે.

### કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ તંત્ર પર બેદરકારીનો આરોપ મૂક્યો

આ સિવાય શ્રેય હોસ્પિટલની દુર્ઘટના અંગે કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પણ એક નિવેદન આપ્યું છે. અમિત ચાવડાએ સરકારને આડે હાથ લેતા અનેક મોટા આરોપો લગાવ્યા હતા. ત્યારબાદ તેમણે જણાવ્યું હતું કે, કોરોનાથી તો લોકોના મૃત્યુ થાય છે પણ તંત્રની લાપરવાહીથી લોકોના મોત થાય છે. સરકાર અને છસ્ઝની નિષ્ફળતાથી આગની ઘટના વારંવાર બને છે.

### દર્દીઓને બચાવનાર ફાયરબ્રિગેડના કર્મચારીઓ ક્વોરોન્ટાઇન

શ્રેય હોસ્પિટલનોં ઝેંમાં આગે ૧૦ જિંદગી ભરખી લીધી છે. ત્યારે આગમાં ફસાયેલાઓને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડના અધિકારી અને સ્ટાફ પોતાના જીવની ચિંતા કર્યા વિના બચાવ કામગીરી કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે હોસ્પિટલમાં પહોંચીને ૪૦ કોરોનાનાં દર્દીને બહાર કાઢ્યા હતા. ફાયર બ્રિગેડનો સ્ટાફ સીધો કોરોનાનાં દર્દીઓના સંપર્કમાં આવ્યા છે.

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૩૪ કેસ : ૨૭નાં મોત

## આજે રાજ્યમાં ૨૪૫૬૯ ટેસ્ટ કરવામાં આવ્યા : આજે ૪૮૫૦૫૯ લોકોને ક્વોરેન્ટાઈન કરનામાં આવ્યા અત્યાર સુધી ૫૦૩૨૨ને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા

ગાંધીનગર,તા.૬

રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૪૫૬૯ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૩૪ દર્દીઓ પોઝીટીવ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૬૭ હજારને પાર થઈ ૬૭૮૧૧ થયો છે. રાજ્યમાં ૨૭ મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૫૮૪ થયો છે. રાજ્યમાં આજે ૯૧૭ દર્દીઓ ડિસ્ચાર્જ કરવામાં આવતા ડિસ્ચાર્જનો આંકડો ૫૦ હજારને પાર થઈ ૫૦૩૨૨થયો છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસ ૧૪૯૦૫ થયા છે. જેમાં ૮૨ વેન્ટીલેટર પર અને ૧૪૯૦૫ સ્ટેબલ છે.ચાલુ સપ્તાહમાં રાજ્યમાં કોરોના પોઝીટીવનો આંકડો ત્રીજીવાર હજારને પાર થયો છે.રાજ્યના આઠ મહાનગરપાલિકા અને ૩૨ જીલ્લામાં કોરોનાનો કહેર યથાવત રહ્યો છે.આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ કોવિડ-૧૯ના કારણે કુલ દર્દીઓના મોત થયા છે.જેમાં અમદાવાદ મહાનગરમાં ૫, સુરત મહાનગરમાં ૫ અને જીલ્લામાં ૪, રાજકોટ મહાનગરમાં ૨ અને જીલ્લામાં ૩, કચ્છ અને વડોદરા મહાનગરમાં ૨ અને જીલ્લામાં ૧, જામનગર મહાનગર, મહેસાણા અને વલસાડમાં ૧-૧ મોત, કોરોનાને લીધે નોંધાયા છે.અમદવાદ શહેરમાં ૧૩૭ અને જીલ્લામાં ૧૪ સાથે કુલ ૧૫૧ કોરોના પોઝીટીવ નોંધાયા છે.આ સાથે કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૨૭૪૩૪ થયો છે.આજે વધુ ૫ મોત સાથે મૃત્યુઆંક ૧૬૨૨ થયો છે. સુરત શહેરમાં ૧૮૪ અને જિલ્લામાં ૫૪ સાથે ૨૩૮ કોરોનાના કેસ નોંધાયા છે આજે વધુ ૯ મોત સાથે મોતનો કુલ આંકડો સુરતમાં ૪૭૨ પર પહોંચ્યો છે. વડોદરા શહેરમાં આજે સતત ત્રીજા દિવસે સતત ૧૦૦ પર કેસ નોંધાયા છે.વડોદરા મહાનગરમાં ૯૫ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૧૬ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો વડોદરામાં ૫૨૭૭થયો છે. આજે વધુ ૩ મોત સાથે કુલ ૯૧ મોત થયા હતા.રાજકોટ મહાનગરમાં ૭૧ અને જીલ્લામાં ૧૯ સાથે કુલ ૯૦ કેસ કોરોનાના નોંધાયા છે.આ સાથે રાજકોટમાં કુલ કોરોના સંક્રમિતના ૨૩૨૮ કેસ થયા છે.આજે વધુ પાંચ મોત નોંધાતા મૃત્યુઆંક ૪૩ પર પહોંચ્યો છે.

ગાંધીનગર શહેરમાં ૧૩ અને જીલ્લામાં ૧૯ સાથે ૩૨ કેસ નોંધાતા કુલ સંક્રમિત કોરોનાના કેસ ૧૬૫૩ થયો છે.રાજ્યમાં કુલ ટેસ્ટનો આંકડો નવલાખને પાર થઈ ૯,૦૩,૭૮૨ થયો છે.આજની તારીખે કુલ ૪,૮૫,૦૫૯ વ્યક્તિઓ ક્વોરનટાઈન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૪,૮૩,૬૫૩ વ્યક્તિઓ હોમ ક્વોરનટાઈન છે એને ૧૪૦૬ ફેસીલીટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યો છે.

### નવા ૧૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલા અને સરગાસણમાંથી ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસામાંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક અર્બન વિસ્તારમાંથી અને એક ગ્રામ્ય વિસ્તારમાંથી કેસ મળ્યા છે. અર્બનમાંથી ૫૩ વર્ષીય પુરૂષ અને પુંધરા ગામમાંથી એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં બોરીસણા ગામમાંથી એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં હવે એન્ટીજન ટેસ્ટની સંખ્યા વધારવા માટે તેમજ સર્વેલન્સ અને મોનીટરીંગ પણ આક્રમકતા સાથે હાથ ધરવાની વ્યુહરચના અપનાવવાની રણનીતિ તંત્રએ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાંથી ૮૮૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારોમાં ૪૦૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોન હોવાનું પણ તંત્રના સૂત્રો આડકતરી રીતે સ્વીકારી રહ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે ગ્રામીણ અર્થતંત્ર પર તેની વિપરીત અસરો પડી રહી હોવાનું ચિત્ર ઉપસી રહ્યુ છે.

### વધુ નવ કેસ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે સે. ૬ માંથી બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને એક ખાનગી વેપાર કરતા વ્યક્તીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે સે. ૬ માં રહેતા એક ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગરની આસ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ડીસા ખાતે ખાનગી વ્યવસાય સાથે સંકળાયેલ અને સે. ૬ માં રહેતા એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ વેપારીના પરિવારના ૨ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ફાયનાન્સના ધંધા સાથે સંકળાયેલ અને સે. ૧૩ માં રહેતા એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ દર્દીના પરિવારની ૩ વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૭ માં રહેતી એક ૩૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેણીનીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૬ માંથી એક ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૨ માંથી પણ આજે વધુ એક કેસ મળ્યો છે. આજે ૬૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગૃહણીના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૪ માં ખાનગી દુકાન ધરાવતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પુરૂષ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ વેપારીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં વધી રહેલા કેસોમાં દર્દીના ક્લોઝ કોન્ટેક્ટ પર્સન શોધવામાં અને તેમને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં તંત્ર ક્યાંક ઉણુ ઉતરી રહ્યાની વાતોએ લોકજીભે ચર્ચાનું સ્થાન લીધુ છે.

હોમ ક્વોરોન્ટાઈન કરાયેલ પરિવારો પર તંત્ર પાસે સ્ટાફની અછતને કારણે કદાચ પુરતુ ધ્યાન નહિ રખાતુ હોય એવુ પણ બની શકે છે તેવી વાતો પણ થઈ રહી છે.

જો કે તંત્રએ સર્વેલન્સ સઘન બનાવવા માટેની કડક તાકીદ સાથે મોનીટરીંગ પણ અસરકારક કરવાનો નિર્ણય લીધો છે. શહેરમાં ટેસ્ટીંગની સંખ્યા વધારવામાં આવશે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

શહેરમાં ૫૮૦૦ જેટલા લોકોના ટેસ્ટ થઈ ચુક્યા છે. શહેરમાં હાલ ૨૨૦ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ છે. છતાં કેસોની સંખ્યા સતત વધી રહી છે તે તંત્રની ચિંતાનો મુદ્દો છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં કડક પગલાં પણ લેવાની વ્યુહરચના તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે.



ભારતની ઐતિહાસિક ધાર્મિક નગરી અયોધ્યામાં ભગવાન રામના મંદિરનુ નિર્માણ કરવા માટે બુધવારે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભુમિપુજન કરી પુજા અર્ચના કરી હતી આ પવિત્ર અવસરે જય શ્રી રામના જયઘોષથી સમગ્ર દેશમાં ખુશીની લહેર પ્રસરી છે. કરોડો હીન્દુઓનુ સ્વપ્ન સાકાર થતા ગાંધીનગરમાં પણ ભાવિકોમાં અનોખી શ્રધ્ધા ભકિત સાથે ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે કોર્ટ બંધ હોવાછતા વકીલોએ પણ આ દિવ્ય અને ભવ્ય અવસરની કોમી એખલાસના માહોલમાં ઉજવણી કરી હતી. ભગવાન રામનો ફોટો મુકી જયશ્રી રામના જયઘોષ સાથે પુજા અર્ચના કરી ભુમિપુજનના અવસરને વધાવવા કોર્ટ સંકુલ બહાર આતશબાજી કરી હતી. જેમાં ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ એસ ગોહીલ, ગાંધીનગર બારના લાલસિંહ ગોહીલ, સરકારી વકીલ પ્રિતેશ વ્યાસ, જીજ્ઞેશ જોષી, દીલીપ સિંહ બિહોલા, દુર્ગેશ એરનપુરીયા, કે એન મન્સુરી, મુનાફ દીવાન, ફીરોઝ મન્સુરી પરવેશ મન્સુરી સહીતના વકીલો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### બનાસકાંઠામાં આઠ નવા કેસ પાલનપુરમાં એક, ડીસામાં સાત

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઓછું થઈ રહ્યું છે. જ્યાં બુધવારે મોડી સાંજે ડીસા ૫, પાલનપુર ૧ જ્યારે ગુરૂવારે ડીસા ૨ મળી પોઝિટિવ નવા ૮ કેસ નોંધાયા હતા. છેલ્લા ચાર દિવસથી જોર ઓછું થયું હોય એમ ઓછી સંખ્યામાં કેસ નોંધાઈ રહ્યા છે. જ્યાં બુધવારે મોડી સાંજે ડીસા ૫, પાલનપુર ૧ જ્યારે ગુરૂવારે ડીસા ૨ મળી પોઝિટિવ નવા ૮ કેસ નોંધાયા હતા.

### ખેડબ્રહ્મામાં સલુન માલિકને કોરોના પોઝીટીવ

ખેડબ્રહ્મા ગામમાં જૂની મામલતદાર કચેરી પાસે રહેતા ૫૫ વર્ષીય સલુન માલિકને કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે ગત ૫ ઓગસ્ટ સજાના તેનું સેમ્પલ લેવામાં આવ્યું હતું જેનો રિપોર્ટ ૬ ઓગસ્ટ આવતા તમને હિમતનગર ખસેડવામાં આવ્યા હતા અને પરિવારને હોમ કોરાંટાઇન કરવામાં આવ્યો હતો જ્યારે તેમના વિસ્તારને કન્ટેનમેન્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઘરમાં રહો
સુરક્ષિત રહો

**'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર**

**ગણવેશ કાપડ (સિલાઈ સાથે) - બુટ પુરા પાડવા અંગેના ટેન્ડર ભાવ**

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરની કચેરી હસ્તકના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારી / કાયમી રોજમદાર તથા ડ્રાઈવરો માટે ગણવેશનું કાપડ સિલાઈ સાથે તેમજ બુટ પુરા પાડવા જે કોઈ રસ ધરાવતા હોય તેવા વ્યક્તિ / ઈજારદાર / સંસ્થા કે જેઓ રજીસ્ટ્રેશન અને પાનકાર્ડ ધરાવતા હોય તેઓશ્રી પાસેથી જગ જાહેર નિવિદા તળે ભાવો મંગાવવામાં આવે છે કે, મજકુર જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫ સુધીમાં નીચેના સરનામે રજીસ્ટ્રેશન અને પાનકાર્ડ નકલ સાથે અરજી તથા **રૂ.૧૫૦૦/- રોકડા (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) (નોન રીફંડેબલ)** ભરીને અથવા નિયામકશ્રી, 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરના નામો ડી.ડી. / ચેક દ્વારા ભરી કોરા ટેન્ડર ફોર્મની નકલ મેળવવી. ટેન્ડરની શરતો / જોગવાઈઓ અનુસાર બંધ કવરમાં ભાવો ભરી, જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૨૦માં જે તે ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ તારીખ સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી નીચેના સરનામે મળે તે રૂએ મોકલી આપવાના રહેશે.

**સરનામું : 'ગીર' ફાઉન્ડેશન**
ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સેક્ટર-૭
'જ' રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૭
ફોન નં. (૦૭૯) ૨૩૯૭૭૩૦૦/૩૧૧
માહિતી/૬૩૦/૨૦-૨૧

**નાયબ નિયામક,**
**આર. એન્ડ ડી,**
'ગીર' ફાઉન્ડેશન
ગાંધીનગર

**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2020**

(Rs. in Lacs)

| Sr. No. | Particulars | Standalone Results | | | Consolidated Results | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30.06.2020 (Unaudited) | Year ended 31.03.2020 (Audited) | Quarter ended 30.06.2019 (Unaudited) | Quarter ended 30.06.2020 (Unaudited) | Year ended 31.03.2020 (Audited) | Quarter ended 30.06.2019 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 46,872.23 | 243,412.93 | 52,025.00 | 1,54,829.49 | 12,57,811.41 | 3,10,752.58 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 27,268.39 | 1,27,859.83 | 31,291.74 | 34,965.06 | 2,44,366.28 | 67,299.31 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax)) | 27,268.39 | 1,27,859.83 | 31,291.74 | 34,109.19 | 2,43,754.27 | 67,434.38 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 19,935.89 | 1,10,873.26 | 20,613.70 | 24,813.70 | 2,27,863.51 | 43,903.12 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 19,865.59 | 1,10,603.52 | 20,582.54 | 24,762.37 | 2,27,194.25 | 43,611.76 |
| 6 | Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,414.35 | 56,410.12 | 56,401.46 | 56,414.35 | 56,410.12 | 56,401.46 |
| 7 | Reserves (excluding Revaluation Reserve as shown in Balance Sheet) | - | 6,15,844.98 | - | - | 4,32,017.28 | - |
| 8 | Earnings per share (EPS) | | | | | | |
| | a) Basic EPS (Rs.) | 3.53 | 19.66 | 3.65 | 3.92 | 30.66 | 5.88 |
| | b) Diluted EPS (Rs.) | 3.53 | 19.65 | 3.65 | 3.92 | 30.65 | 5.88 |
| | (face value of Rs. 10/- each) | | | | | | |

**Notes:**

1 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)

2 The above results were reviewed by the Audit Committee approved by the Board of Directors of the Company in its meeting held on 6th August, 2020.

3 The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited

Place : Gandhinagar
Date : 6th August, 2020

Anil Mukim, IAS
Chairman & Managing Director